# જબુગામ ખાતે કૃષિ શિક્ષણમાં કારકિર્દી માર્ગદર્શન સેમીનાર યોજાયો

ગુજરાત રાજ્યમાં આવેલ ૪ કૃષિ યુનિવર્સીટીઓ જેવી કે આણંદ કૃષિ યુનિવર્સીટી આણંદ ,નવસારી કૃષિ યુનિવર્સીટી નવસારી, જુનાગઢ કૃષિ યુનિવર્સીટી જુનાગઢ અને સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સીટી અંતર્ગત વિવિધ કૃષિ અને સંલગ્ન અભ્યાસક્રમો કાર્યરત છે. કૃષિ અને સંલગ્ન અભ્યાસક્રમોનું મહત્વ અને તેની પ્રવેશ પ્રક્રિયા અંગે છોટાઉદેપુર જીલ્લામાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ (વિજ્ઞાન પ્રવાહ)માં ઉતીર્ણ થયેલ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને વિસ્તૃત માહિતી પૂરી પાડવા માન. કુલાપતીશ્રી ડૉ. કે. બી. કથીરિયાના માર્ગદર્શન હેઠળ "કૃષિ શિક્ષણમાં કારકિર્દી અંગે માર્ગદર્શન" વિષય ઉપર કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સીટી, જબુગામ ખાતે સેમિનારનું આયોજન તારીખ ૦૪/૦૬/૨૦૨૫ (બુધવાર)ના રોજ કરવામાં આવેલ.

સદર સેમિનારમાં શરુઆતમાં ડૉ. સુનિલ આર. પટેલ, આચાર્યશ્રી, કૃષિ મહાવિદ્યાલય, જબુગામે વિદ્યાર્થીઓ અને વાલીઓને આવકાર્યા હતા. તેઓશ્રીએ ગુજરાત રાજ્યમાં આવેલ કૃષિ યુનિવર્સીટીઓ અને તેમાં ચાલતા કૃષિ અભ્યાસક્રમો અંગે છણાવટ કરેલ હતી. તદ્ઉપરાંત તેઓશ્રીએ કૃષિ મહાવિદ્યાલય, જબુગામની વિસ્તૃત માહિતી આપી. ડૉ. અનિલ આર. મેકવાન, સહ પ્રાધ્યાપકે વિદ્યાર્થીઓને કૃષિ ક્ષેત્રમાં ઉપલબ્ધ કારકિર્દી વિકસાવવાની તકો અને તેના મહત્વ અંગે માહિતી સભર કરેલ હતા.

ડૉ. આઝાદચંદ્ર એસ. ડામોર, મદદનીશ પ્રાધ્યાપક દ્વારા ધોરણ ૧૨ (વિજ્ઞાન પ્રવાહ) બાદ કાર્યરત કૃષિ અભ્યાસકર્મો માટે લાયકાત, મેરીટ, પ્રવેશ પ્રક્રિયા વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ડૉ. અર્જુનસિંહ રાઠવા એ ધોરણ ૧૦ પછી ચાલતા ડીપ્લોમાં/પોલીટેકનીકના જુદા જુદા અભ્યાસકર્મોની પ્રવેશ પ્રક્રિયા/રોજગારીની તકો વગેરેથી વિદ્યાર્થિઓને માહિતગાર કર્યા હતા. ડૉ. હેમરાજસિંહ રહેવરે વિદ્યાર્થીઓને ઓનલાઈન ફોર્મ ભરવાની અને કોલેજની પસંદગી કેવી રીતે કરવી તેનું પ્રત્યક્ષ નિદર્શન કરી સમજાવેલ. ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયામાં ઉદભવતી મુશ્કેલીઓનું સમાધાન કઈ રીતે કરવું તેનું માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓ વાલીઓ અને શિક્ષકો સાથે કૃષિ અભ્યાસક્રમો, પ્રવેશ પ્રક્રિયામાં પડતી મુશકેલીઓ, કૃષિમાં ઉપલબ્ધ રોજગારીની તકો અંગે વિગતે ચર્ચા કરી તેમના પ્રશ્નોનું નિરાકરણ કર્યું. આં સેમિનારમાં ૩૩ વિદ્યાર્થીઓ અને ૨૬ વાલીઓ ઉપસ્થિત રહેલ હતા. અંતે ડૉ. અનિલ મેકવાને સર્વેનો આભાર માની કાર્યક્રમનો સમાપન કરવામાં આવેલ હતું.

# <u>સેમીનારના ફોટોગ્રાફ્સ</u>











